"આગાહી સાચી પડીને...?!"

"કઈ આગાહીની વાત કરો છો સાહેબ..?"

"ભારે વરસાદની..!'

"સાહેબ મારી બંને આગાહી સાચી પડી. બપોરે ત્રણ વાગે વરસાદ પણ આરંભાયો અને સાડા ત્રણે બાબા રામ રહીમને સજા પણ થઈ."

"ઓ... હો...હો... બંને સ્વાભાવિક જ હતા. એમાં આગાહીની વાત જ ક્યાં આવે છે..?!"

"સાહેબ... ૪૨-૪૨ ઈંચ વરસાદ પડ્યા બાદ પણ ત્રીજા રાઉન્ડમાં ભારે વરસાદ પડશે એમ કહીએ એટલે આગાહી જ કહેવાય ને..!"

"હા... ભાઈ... હા... પણ બાબાને સજા થશે એવુ તો દુનિયા કહેતી હતી."

"સાહેબ, દુનિયાના મનમાં એમ હતુ કે સાતથી દસ વર્ષની સજા થશે પણ સાંભળ્યું ને તમે. બેય કલમોની ૧૦-૧૦ વર્ષની અલગ અલગ સજા અર્થાત ૨૦ વર્ષની સજા અને ૧૫-૧૫ લાખ દંડ.."

"હા... આમ તો સારૂ કર્યુ. બધા માપમાં આવી જશે."

"માપમાં નહી, સીધા દોર થઈ જશે. પણ સાહેબ મને શંકા છે. ઉપદેશકો અને કથાકારો, સંતો અને મહંતો પરની સમાજની શ્રદ્ધા હચમચી જશે."

"હવે બાકી શું છે..? પાંચ પાંચ કેસ ચોપડે ચઢે, છાપરે ચઢે, મહિનાઓ સુધી ચર્ચા ચાલે પછી બાકી શું રહે..?"

"... પણ સાહેબ, આવું થવું જ જોઈએ ને. દાખલો બેસાડવાય આવું થવું જોઈએ. પણ આમાં બહાદુરી કોની..?!"

"બહાદુરી તો સીબીઆઈ કોર્ટના જજની છે હોં. જેણે છેલ્લી ઘડી સુધી રાજકીય દબાણોની પરવાહ કર્યા સિવાય નિષ્પક્ષ અને દૃષ્ટાંતરૂપ ચુકાદો આપ્યો."

"એટલે સાહેબ હું તો એમ કહું છું કે એમનું સન્માન થવુ જોઈએ સરકાર દ્વારા, સમાજ દ્વારા, વકીલો દ્વારા..."

"જવા દો ને, સન્માનની વાત એક બાજુ પર રહી, બે-ચાર મહીને બદલી ના થઈ જાય એ જોવું પડશે ક્યાંક..!"

"હેં...હેં...હેં... શું વાત કરો છો..?!"

"આ વાત નથી, હવે આ મારી અગાહી છે."

"ન્યાયતંત્ર સ્વતંત્ર નથી..?!"

"હા ભાષણમાં ખરૂ પણ..!!"

"ભઈ આમાં ચર્ચા ન કરીએ તો સારૂ. આ તો આગે સે ચલી આઈ હૈ..!"

"સાવ સાચી વાત છે હોં, સ્વતંત્રતા મેળવ્યા પછી કશું જ સ્વતંત્ર નથી એવી શંકાઓ આઝાદીના ૭૦ વર્ષ પછી પણ આપણા મનમાં આવે છે. એ જ બતાવે છે કે ક્યાંક આપણે કાચા છીએ."

"ઠીક છે સાહેબ, તમારી વાતોમાં દમ છે પણ આશા રાખીએ કે ચારેય જાગીર રાજકારણના આટાપાટામાં ન ફસાય અને જનજાગૃતિ દ્વારા સર્વત્ર સજાગતા પ્રવર્તે એ અનિવાર્ય છે.'

- નિમિત્ત માત્ર

શહેરમાં ધીમી ધારનો વરસાદ

સેકટરોમાં પાણી ભરાયા : વાદળિયા વાતાવરણ વચ્ચે ભીંજારો યથાવત : સતત ભેજવાળા વાતાવરણના લીધે નગરજનોને બેચેની : જનઆરોગ્ય સામે પણ ખતરો : હજુ ભારે વરસાદની આગાહી

ગાંધીનગર તા ૨૮

શહેરમાં આજે અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટા સાથે બપોરના સમયે વરસાદી ઝાપટુ આવતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. વરસાદી વાયરાના લીધે નગરમાં ભીંજારાની મોસમ ફરીએકવાર નિખરી હતી. આકાશમાં ગોરંભાયેલા વરસાદી વાદળો વચ્ચે દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ યથાવત રહયુ હતુ.આગામી ત્રણ ચાર દિવસ રાજયમાં હજુ ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. ત્યારે ગણેશોત્સવની ઉજવણી વચ્ચે નગરનુ જનજીવન વરસાદી વાતાવરણથી પ્રભાવિત થયુ હતુ. સાંજના સમયે ઝરમરિયો વરસાદ યથાવત રહયો હતો. જિલ્લામાં સિઝનનો પર્યાપ્ત વરસાદ થઇ ગયો છે. જયારે સામાન્ય વરસાદની સાપેક્ષમાં વધુ વરસાદ નોંધાયો હોવાથી ભેજવાળા વાતાવરણમાં રોગચાળો વકર્યો હોવાથી જનઆરોગ્ય સામે પણ ખતરો મંડરાયો છે.

બંગાળની ખાડીમાં અપર એર સાયકલોનિક સર્કયુલેશન સિસ્ટમ અને લો પ્રેશર થતા વરસાદી સિસ્ટમ એકટીવ થઇ છે. જેના લીધે રાજયમાં હજુ ત્રણ ચાર દિવસ ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે. ચાલુ વર્ષમાં ચોમાસા દરમિયાન મેઘરાજા મનમુકીને વરસતા ગુજરાતમાં ભારે તારાજી સર્જાઇ હતી. અનેક ગામો સંપર્ક વિહોણા થઇ

● અનુસંધાન પાન-૭ પર

નવા સેકટરોમાં સ્વાઈન ફલુ વકર્યો

વધુ ચાર દર્દીઓ મળ્યા : સે-૪ અને ૫ ના એ બી વિસ્તારમાંથી દર્દીઓ નોંધાયા : દર્દીઓ સિવિલ તેમજ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુના સો થી વધુ કેસ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે સતત ભેજવાળા વાતાવરણ વચ્ચે સ્વાઈન ફલુના રોજબરોજ નવા કેસો ધ્યાને આવી રહયા છે. ત્યારે રોગચાળાને લઈને આરોગ્ય તંત્રમાં પણ ચિંતા પેઠી છે. રોગચાળાને ડામવા માટે અસરકારક પગલા ઉપરાંત લોકજાગૃતિ પણ અનિવાર્ય બની છે. આજે શહેરમાં વધુ ચાર સ્વાઈન ફલુના દર્દીઓ ધ્યાને આવ્યા છે.

સ્વાઈન ફલુના કેસ રોજબરોજ ધ્યાને આવતા આરોગ્ય તંત્ર દ્વારા હવે દર્દીના કોન્ટેકટ પર્સનનુ પણ ટ્રેકીંગ કરવામાં આવી રહયુ છે. ગઈકાલે પણ જિલ્લામાંથી સ્વાઈન ફલુના વધુ ૮ કેસ મળી આવ્યા હતા. જેમાં બે મહીલા અને એક બાળ દર્દીનો પણ સમાવેશ થાય છે. શહેરમાં સ્વાઈન ફલુના વધુ ચાર દર્દીઓ ધ્યાને આવ્યા છે. જેમાં સે-૪ બીમાં એક ૬૩ વર્ષીય વ્યકિતને સ્વાઈન ફલુ પોઝિટીવ હોવાનુ ધ્યાને આવ્યુ છે. દર્દીને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુનો રોગચાળો બેકાબુ બન્યો છે. ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા ૧૦૦ ને પાર થઈ ગઈ છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન ફલુના દર્દીઓ માટે ત્રણ વોર્ડ ઉભા કરી સારવાર આપવામાં આવી રહી છે. સિવિલ હોસ્પિટલ ઉપરાંત ખાનગી હોસ્પિટલોમાં પણ સ્વાઈન ફલુના દર્દીઓ સારવાર લઈ રહયા છે. ત્યારે તંત્ર દ્વારા રોગચાળાને ફેલાતો અટકાવવા માટે સ્વાઈન ફલુના દર્દીઓના કોન્ટેકટ પર્સનનુ ટ્રેકીંગ કરવાનુ પણ શરૂ કરી દેવાયુ છે. જેમાં ૧૦ દિવસ સુધી ટ્રેકીંગ કરવાનો પણ નિર્ણય લેવાયો છે. સ્વાઈન ફલુની સારવાર અર્થે દાખલ કરાયેલા દર્દીઓ પૈકી ૫૫ ને સારવારની અંતે

● અનુસંધાન પાન-૭ પર

ભાદરવી પુનમને ધ્યાને લઈ ગાંધીનગર ડેપો દ્વારા ૨૦ બસો દોડાવાશે

અગિયારસથી પુનમ સુધી ભાવિકો માટે ખાસ બસ સેવાનુ આયોજન

ગાંધીનગર તા ૨૮

ભાદરવી પુનમ નજીક આવતા અંબાજી જતા પદયાત્રીઓ વિશેષ નજરે પડે છે. નગરના માર્ગો પર અંબાજી પદયાત્રીઓની અવરજવર વધી છે. પદયાત્રીઓની સેવા કાજે સેવા કેન્દ્રો પણ ધમધમતા થયા છે. ત્યારે અંબાજી તરફ જતા ભાવિકોની સંખ્યાને ધ્યાને લઈ એસ ટી તંત્ર દ્વારા પ્રતિવર્ષ ખાસ બસો દોડાવામાં આવે છે. જેને અનુલક્ષી ગાંધીનગર ડેપો દ્વારા પણ અગિયારસથી પુનમ સુધી ૨૦ બસો દોડાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

એસ ટી નિગમ દ્વારા વિવિધ સરકારી કાર્યક્રમો સહીત તહેવારોમાં પણ ખાસ બસ સેવા માટે બસો ફાળવવામાં આવે છે. તહેવારોમાં આમ નાગરિકોન સલામત સવારી નસીબ થાય તે માટે હોળી ધુળેટી તેમજ દિવાળીના તહેવારોમાં પણ ડેપો દ્વારા ટ્રાફિક ધરાવતા રૂટમાં વધારાની બસો દોડાવામાં આવે છે. જયારે ભાદરવી પુનમ દરમિયાન અંબાજી રૂટમાં ભાવિકોની ભીડ ઉમટે છે. અંબાજી રૂટમાં પગપાળા જતા ભાવિકોની સંખ્યા પણ વિશેષ હોય છે. ત્યારે અગિયારસથી પુનમ સુધીના સમયગાળામાં અંબાજી રૂટમાં ભાવિકોને યોગ્ય બસ સેવા મળી રહે તે માટે પ્રતિવર્ષ વધારાની બસો દોડાવવા માટે આયોજન કરવામાં આવે છે. ભાવિકોને અંબાજી જવા તેમજ ત્યાંથી પરત આવવા માટે ખાસ કંટ્રોલ રૂમ એસ ટી નિગમ દ્વારા કાર્યરત કરવામાં આવે છે. આગામી દિવસોમાં પણ અબાજી પદયાત્રીઓને ધ્યાને લઈ ખાસ બસ સેવા શરૂ કરવામાં આવશે. પદયાત્રીઓ તેમજ અન્ય ભાવિકોને સલામત સવારી નસીબ થાય તે માટે ગાંધીનગર ડેપો કક્ષાએથી પણ સતત પાંચ દિવસ સુધી ૨૦ જેટલી બસો દોડાવાશે.

નીલગાય ડેપોમાં પહોંચી - શહેરના નવા સેક્ટરોમાં નીલગાયની અવરજવર મુદ્દે વારંવાર અખબારોમાં લખાયું હોવા છતાં મુખ્યમાર્ગો અને સેક્ટરોના આંતરિક માર્ગો પર સહેજ પણ ફરક પડ્યો નથી... સોમવારે તો નીલગાય સીધી જ એસ.ટી. ડેપોની પાસ કઢાવવાની ઓફીસ પહોંચી ગઈ... લાઈનમાં ઉભેલા કાયમી મુસાફરો પણ થોડીકવાર માટે તો ગભરાઈ ગયા... આ તસવીર બતાવે છે કે, નીલગાય ક્યાં-ક્યાં પહોંચી શકે છે... અને કેટલી પરેશાની પહોંચાડી શકે છે... નવા સેક્ટરોમાં અનેક અકસ્માતોનું નિમિત્ત પણ નીલગાય બને છે... જિલ્લા વનતંત્ર નીલગાયની અવરજવરને નિયંત્રિત કરે તો નાગરિકો સલામતીનો અહેસાસ કરી શકે એમ છે... જોકે અહીં નીલગાય પણ જંગલ વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં અવરજવર માટે પાસ કઢાવવા આવી હોય એમ લાઈનમાં ઉભી રહી ગઈ છે... જોઈએ હવે કયું તંત્ર નિયંત્રિત કરે છે અને કયુ તંત્ર મંજુરી આપે છે...

મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાને ગુજરાત ગૌરવ એવોર્ડ

ગાંધીનગર, તા. ૨૮

વિશ્વ ગુજરાતી પરીષદનો મોટામાં મોટો 'ગુજરાત ગૌરવ સન્માન Prestigious ગુજરાતી એવોર્ડ મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાને ન્યુજર્સી ખાતે સ્મૃતિચિહ્ન અને ખાસ સન્માન પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યો. આ પ્રસંગે ઉદ્યોગ મંત્રી રોહિતભાઈ પટેલ, ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણીની હાજરીમાં આ ગૌરવ સન્માન આપવામાં આવ્યું છે.

આ પ્રસંગે વિશ્વ ગુજરાતી પરિષદના પ્રમુખ અને ફીસાના પ્રમુખ પોપટભાઈ પટેલે યુએસએ ખાતે ન્યુજર્સી ખાતે ડૉ. શંકરસિંહ રાણાને ગુજરાત ગૌરવ એવોલ્ડ એનાયત કરતાં જણાવ્યું હતું કે ગુજરાતમાં ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ મધુર ડેરીની પ્રશંસનીય કામગીરી પ્રગતિ અને સેવા કરવાનુ શંકરસિંહ રાણાને આ એવોર્ડ એનાયત કરતા ન્યુજર્સીના ગુજરાતીઓ ગૌરવની લાગણી અનુભવીએ છીએ. જ્યારે શંકરસિંહ રાણા આ એવોર્ડ લેવા ઉભા થયા ત્યારે વિશ્વ ગુજરાતી

સમાજ અને હાજર રહેલા તમામ ઉભા થઈ તાળીઓના ગડગડાટથી શંકરસિંહ રાણાને ખાસ માન આપ્યું હતું.

આ પ્રસંગે ઉદ્યોગમંત્રી રોહિતભાઈ પટેલ, ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંગાણી, સંજીવ મહેતા, જનરલ સેક્રેટરી દક્ષેશ શાહ વિગેરેએ શંકરસિંહ રાણાની કામગીરી અને તેમની સેવાઓની વિસ્તૃત છણાવટ કરી આ એવોર્ડ ખાસ સમિતિ દ્વારા અપાય છે. તેની વિગતો આપી હતી.

● અનુસંધાન પાન-૭ પર

અંબાજીના પદયાત્રીઓની હાલાકી પ્રશ્ને પીઆઈએલ

અમદાવાદ,તા.૨૮

ભાદરવી પૂનમને લઈ અંબાજી મેળા દરમ્યાન પદયાત્રી દર્શનાર્થીઓને પડી રહેલી હાલાકી સહિતના મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની રિટ અરજી દાખલ થઈ છે. અંબાજીમાં પ્રવેશતાં જ મંદિર સુધીના રસ્તાની ફુટપાથો પર દુકાનોની મંજૂરી સત્તાવાળાઓએ આપી દીધી હોવાના કારણે હજારો શ્રધ્ધાળુ પદયાત્રીઓને રસ્તા પર ચાલવાની ફરજ પડે અને તેથી અકસ્માતનું અને તેઓની જાનનું જોખમ ઉભુ થયુ છે તેવી દહેશત જાહેરહિતની રિટમાં વ્યકત કરાઈ હતી. જો કે, સરકાર દ્વારા હાઈકોર્ટ સમક્ષ એવું નિવેદન કરાયું હતું કે, ભાદરવી પૂનમના મેળા પહેલા એક અઠવાડિયા સુધી અંબાજીમાં પ્રવેશથી મંદિર સુધીના રૂટ પર વાહનો અને પાર્કિંગ માટે પ્રતિબંધિત રહેશે. હાઈકોર્ટે કેસની વધુ સુનાવણી બુધવારે રાખી હતી. જાહેરહિતની રિટ અરજીમાં એ

● અનુસંધાન પાન-૭ પર



ખેલ મહાકુંભ ઝોન કક્ષાની એથ્લેટીક સ્પર્ધા સે-૧૫ સ્થિત સાંઈ સંકુલમાં યોજાઈ હતી. જેમાં સે-૨૩ સ્વામિનારાયણ પબ્લીક સ્કુલની વિદ્યાર્થીનિ ધનવી મયુર જોષીએ ૩૦ મીટરની દોડમાં તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ. જે બદલ શાળા પરિવારે પણ ગૌરવની લાગણી વ્યકત કરી છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com